# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3567-6 તારીખ : 22-05-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
જેશાભાઈ અરજણભાઈ વાળા
મું. પો. : છાપરી , તા. : વેરાવળ , જી. : ગીર સોમનાથ- ૩૬૨૨૫૫,
મોબાઈલ : ૯૭૨૬૧૦૦૪૬૨

વિષય : વીજપોલ બદલાવવા અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૩-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જી. ભાજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માંગરોળ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ચોરવાડ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-૧/૨૦૧૯-૨૦/3567-6 તા. 22-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૬/ક્વા-૧/૨૦૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | જેશાભાઈ અરજણભાઈ વાળા ગામ: છાપરી |
| રજૂઆત કરનાર: | અરજદાર જેશાભાઈ અરજણભાઈ વાળા અને વાળા કાનાભાઈ જાદવભાઈ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – માંગરોળ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઇજનેર કે.ડી.નીનામા વિભાગીય કચેરી – માંગરોળ |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ |
| તારીખ: | ૧૪ -૦૫ -૧૯ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૪ -૦૫ -૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જેશા અરજણભાઈ વાળા ગામ: છાપરી તેઓની અરજી ના નોંધણી નંબર : ૨૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦, મા જણાવે છે કે, તેઓ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં ૮૦૭૨૨/૦૦૩૮૯/૯ થી ૦૫ હોપા નુ ધરાવે છે. તેઓનુ વીજજોડાણ અલાયદા ટ્રાન્સફોર્મર માથી રીલીઝ કરાયેલ છે. તેઓના ખેતરમાં કુવો ગાળવાનુ કામ કરતી વખતે અકસ્માતે ટ્રાન્સફોર્મર ના ડીપી નો ૦૧ પોલ ભાંગી ગયેલ, જે બાબતે તા.૧૧–૦૩–૧૯ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં લેખીત રજુઆત કરેલ. પરંતુ, સદર બાબતે અવારનવાર તપાસ કરતા પીજીવીસીએલ તરફથી કોઈ કાર્યવાહી કે ભાવપત્રક અપાયેલ નથી. જેથી, તેઓના ખેતરમાં પાક સુકાતો હોય, રોજના અંદાજીત રૂ.૨,૦૦૦/–નું નુકશાન ભોગવવુ પડે છે. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ – તેઓનુ વીજજોડાણ નિયમાધીન રીતે સત્વરે ચાલુ કરવા અને નિયમાધીન રીતે વળતર આપવા તેમજ જવાબદાર કર્મચારી સામે કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી જેશાભાઈ અરજનભાઈ વાળા મુ. છાપરી તા.વેરાવળ, પેટા વિભાગીય કચેરી ચોરવાડના કાર્યક્ષેત્ર હેઠળ ખેતીવાડી વિજ જોડાણ કરારિત વીજભાર: ૫.૦ હો.પા., વીજ જોડાણ નં.: ૮૦૭૨૨૦૦૩૮૮૯ ધરાવે છે.

3.૧ અરજદાર દ્વારા અત્રેની કચેરી એ તેમના ઉપરોક્ત વિગત વાળા ખેતીવાડી વીજ જોડાણના ટ્રાન્સફોર્મર સેન્ટરના પોલને તેમના દ્વારા – તેમના કુવાનું કામ ચાલુ હોવાથી કુવામાં ટોટા દ્વારા બ્લાસ્ટ કરતા તેના પથ્થરો વીજ લાઈન સાથે અથડાતા ટ્રાન્સફોર્મર સેન્ટરનો એક પોલ તૂટી ગયેલ અને ટ્રાન્સફોર્મર એસએસ સેટના સહારે લટકતી સ્થિતિમાં આવી ગયેલ. ગ્રાહક દ્વારા આ બાબતે લેખિત જાણ કરવામાં આવેલ જેથી, અંદાજપત્ર- તારીખ-૩૦.૦૪.૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ. ત્યારબાદ રી-સર્વેની અરજી આવતાં એક પોલ મુજબ રીવાઈઝ અંદાજપત્ર તારીખ ૦૪.૦૫.૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ અને તેમના દ્વારા તારીખ ૦૪.૦૫.૨૦૧૯ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

3.૨ ઉપરોક્ત બાબતે સદર તૂટી ગયેલ પોલ બદલવાની કામગીરી કોન્ટ્રાક્ટરો દ્વારા હડતાલ હોવાથી થયેલ નથી. જે બાબતની જાણ ગ્રાહકને પત્ર નં. સીએચડી/ટેક/૨૨૯૦ તારીખ-૦૮.૦૫.૨૦૧૯ થી કરેલ છે. કોન્ટ્રાક્ટર દ્વારા કામ ચાલુ કર્યે તાત્કાલિક આ પોલ બદલવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી જેશાભાઈ અરજનભાઈ વાળા મુ. છાપરી તા.વેરાવળ, પેટા વિભાગીય કચેરી ચોરવાડના કાર્યક્ષેત્ર હેઠળ ખેતીવાડી વિજ જોડાણ કરારિત વીજભાર: ૫.૦ હો.પા., વીજ જોડાણ નં.: ૮૦૭૨૨૦૦૩૮૮૯ ધરાવે છે.

૪.૨ પીજીવીસીએલ દ્વારા સદર કેઈસ મા, ટ્રાન્સફોર્મર સ્ટ્રકચર ઉભુ કરવા માટે રી–ઈન્સ્ટોલેશન ની કામગીરી માટે જરૂરી ભાવપત્રક તા.૩૦–૦૪–૧૯ ના રોજ અપાયેલ છે. જેની રકમ રૂ.૭,૪૭૪/– અરજદાર દ્વારા તા.૦૪–૦૫–૧૯ થી ભરપાઈ કરાયેલ છે. જેના અનુસંધાને સદર રી–ઈન્સ્ટોલેશન ની કામગીરી અંગે હાલમાં કોન્ટ્રાકટર ની હડતાલ હોય, કાર્યપાલક ઈજનેર દ્વારા ૧૦ દિવસમાં કામ પૂર્ણ કરી આપવાની ખાત્રી કરાયેલ છે. પરંતુ, ફોરમ કમિટી દ્વારા કોન્ટ્રાકટર ની વૈકલ્પીક કે પીજીવીસીએલ કક્ષાએથી તાત્કાલીક અસરથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરવાની સુચના અપાયેલ હતી.

૪.૩ ઉપરોકત બાબતે – પીજીવીસીએલ કક્ષાએથી ફોરમ કમિટી ની સુચના અન્વયે – ટ્રાન્સફોર્મર સ્ટ્રકચર ઉભુ કરવા માટે રી–ઈન્સ્ટોલેશન ની કામગીરી તા.૨૦–૦૫–૧૯ થી પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થતા – અરજદારે તા.૨૦–૦૫–૧૯ ના લેખીત સંમતીપત્રમાં સહી કરી આપેલ છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot